# શહેરમાં નવરાત્રીનો રંગ જામ્યો

**મેઘરાજાએ ખમૈયા કરતા ખૈલેયાઓમાં ખુશીની લહેર ગરબાની રમઝટ જામી : વરસાદ મનમુકીને વરસ્યો હવે ખૈલેયાઓ મનભરીને ગરબે ઘુમવા ઉત્સુક : કલ્ચરલ ફોરમમાં પણ ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ ખૈલેયાઓએ ગરબાની રંગત જમાવી : સેકટરોના ગરબા મેદાનમાં પણ અજવાળુ પથરાયુ : માંઇભકિતનો રંગ નિખર્યો**

ગાંધીનગર તા ૨

નવલા નોરતાના પ્રારંભથી જ સતત વરસાદ વરસતા ખૈલેયાઓ અને ગરબા મહોત્સવના આયોજકોમાં પણ ચિંતાના વાદળો ઘેરાયા હતા. જયારે વરસાદ અને વાવાઝોડા વચ્ચે ગરબા મેદાનમાં વરસાદી પાણી ભરાવાની સાથે બોર્ડસ અને હોર્ડીંગ્સ સહીત સ્ટેજ અને મંડપ પણ તુટી પડયા હતા. સેકટરોના શેરી ગરબાના મેદાનમાં પણ ઠેરઠેર જળબંબાકારની સ્થિતિ વચ્ચે ગરબા બંધ રહ્યા હતા. જેના લીધે ખૈલેયાઓમાં પણ નારાજગી વ્યાપી હતી. ગરબા મહોત્સવના આયોજકો પણ સઘળી તૈયારીના અંતે આકાશી નઝારાથી ચિંતિત બન્યા હતા. જો કે પ્રથમ બે દિવસ વરસાદથી વાયરા વચ્ચે મોટાભાગના ઠેકાણે ગરબા બંધ રહ્યા હતા. પરંતુ ગઈકાલે વરસાદી સિસ્ટમ રાજસ્થાન તરફ ફંટાતા ગાંધીનગરના આકાશમાંથી વરસાદી વાદળો દુર હટતા આજે ગરબા થશે તેવી આશ વચ્ચે ખૈલેયાઓમાં પણ હાંશકારો પ્રવર્તયો હતો. સવાર બાદ સાંજ સુધી વાતાવરણ ચોખ્ખુ રહેતા ત્રીજા નોરતે ગરબાની રમઝટ જામી હતી. જયારે આજે પણ સવારથી જ વરસાદી વાદળો આકાશમાં દેખાયા ન હતા. સુર્યપ્રકાશની હાજરી વચ્ચે આખો દિવસ ઉઘાડ રહ્યો હતો.

વરસાદે વિદાય લેતા આખરે સેકટરોમાં શેરી ગરબાની રમઝટ જામી છે. ખૈલેયાઓ અને ગરબા મહોત્સવના આયોજકો બન્નેની ચિંતા ટળી છે. સેકટરોમાં પણ શેરી ગરબાના આયોજનમાં પારિવારિક માહોલ જોવા મળી રહ્યો છે. જયારે સંસ્થાકીય ગરબા મહોત્સવમાં પણ ખૈલેયાઓએ મનભરીને ગરબાની રંગત જમાવી હતી. વરસાદે ખમૈયા કરતા ખૈલેયાઓમાં ખુશીની લહેર વ્યાપી છે. સેકટરોમાં સાંજ ઢળતા જ રંગબેરંગી રોશની વચ્ચે માંઈભકતોમાં માતાજીની પુજા અર્ચના માટે અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રાત્રિના સમયે આરતી બાદ ગરબાની રમઝટ જામે છે. કલ્ચરલ ફોરમ આયોજિત નવરાત્રિ મહોત્સવમાં ત્રીજા નોરતે અવનવા ટ્રેડીશ્નલ વસ્ત્રોમાં સજ્જ ખૈલેયાઓ મનમુકીને ગરબે ઘુમ્યા હતા. મધ્યાંતર તરફ આગળ વધતા નવરાત મહોત્સવમાં ગરબાની રંગત જામી છે. ગરબા પ્રેમીઓનો ઉત્સાહ બેવડાયો છે.



## તાલુકા પંચાયતની ગુરૂવારે સામાન્ય સભા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર તાલુકા પંચાયતની ગુરૂવારે મળનારી ખાસ સામાન્ય સભામાં કારોબારી સમિતિને સત્તા સોંપવાની માંગણીનો મુદ્દો કદાચિત ચર્ચામાં આવશે.

તાલુકા પંચાયતના પ્રમુખ શોભનાબેન વાઘેલાના અધ્યક્ષપદે મળનારી આ બેઠકમાં આ મુદ્દો એજન્ડામાં દર્શાવવામાં આવ્યો નથી. આમ છતાં આ મુદ્દો ચર્ચામાં આવશે તેમ રાજકીય વર્તુળો માની રહ્યા છે. આ મુદ્દે ખાસ સામાન્ય સભા બોલાવવાની માંગ કરવામાં આવી હતી પરંતુ તે માંગને પણ ધ્યાને લેવામાં આવી નથી.

આ સભામાં તાલુકા પંચાયત દ્વારા થયેલ ખર્ચને બહાલી આપવાનો મુદ્દો તેમજ તાલુકા પંચાયત માટે વધુ બે કોમ્પ્યુટરની ખરીદીનો મુદ્દો દર્શાવવામાં આવ્યો છે. આ સામાન્ય સભામાં કાશ્મીરમાંથી ૩૭૦ અને ૩૫ એ દૂર કરવા માટે કેન્દ્ર સરકારને અભિનંદન આપતો ઠરાવ પણ પસાર કરવામાં આવનાર છે.

આ સભામાં પંચાયતના ભાજપના વર્તમાન સભ્યના થયેલા દુઃખદ અવસાન અંગે પણ શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવશે.

૩૬ની સભ્ય સંખ્યા ધરાવતી તાલુકા પંચાયતમાં કોંગ્રેસની સરસાઈ હોવા છતાં ભાજપે અહિ તેની જૂથબંધીનો ફાયદો ઉઠાવી અને સત્તા હાંસલ કરી છે. ભાજપના એક સભ્યનું અવસાન થતાં ભાજપની સભ્ય સંખ્યામાં પણ ઘટાડો થયો છે. આમ છતાં ભાજપની નેતાગીરી કારોબારીની સત્તાઓ સોંપવા તૈયાર નથી એટલુ જ નહિ આ સામાન્ય સભા પણ પસાર થઈ જશે તેટલો સંપૂર્ણ આત્મવિશ્વાસ ધરાવે છે. કોંગ્રેસ પક્ષે કારોબારી સમિતિ બનાવી છે પણ સત્તાઓ નથી અને દરેક વખતે તેની જૂથબંધીને લઈ તેની તમામ રણનીતિઓ ભાજપ નિષ્ફળ કરી રહ્યુ છે જે નોંધનીય છે.

## રૂપાલ પલ્લીના મેળામાં આરોગ્ય તંત્રની ૪ ટીમો ૨૪x૭ રહેશે

ગાંધીનગર, તા. ૨

રૂપાલની જગપ્રસિદ્ધ પલ્લી માટે આરોગ્યતંત્રે ૪ મેડીકલ ટીમો સહિત ત્યાંનુ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૨૪x૭ ચાલુ રહેશે તે રીતે આખો હેલ્થ પ્લાન તૈયાર કર્યો છે.

તંત્રના સૂત્રો પાસેથી મળતી વિગતો પ્રમાણે આ ટીમો પૈકીની એક ટીમ મંદિર પરિસરમાં, બીજી ટીમ ગ્રામ પંચાયત કચેરી પાસે આવેલ આંગણવાડી કેન્દ્ર ખાતે અને ત્રીજી ટીમ દૂધની ડેરી પાસે આવેલ આંગણવાડી કેન્દ્ર ખાતે અને ચોથી ટીમ પી.એચ.સી. કેન્દ્ર ખાતે ફરજો બજાવશે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે આ ઉપરાંત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૩ એમ્બ્યુલન્સ પણ તૈનાત રાખવામાં આવશે જેથી દર્દી માટે સમયસર સારવાર સંદર્ભે રિફર કરી શકાય.

આ ગામમાં ૪ પાણીની ટાંકી છે અને ભાવિક માઈભક્તોના ધસારાને ધ્યાને રાખી સતત ક્લોરીનેશનની વ્યવસ્થા પણ ઉભી

● અનુસંધાન પાના - ૭ પર

**માઈભક્તિનો ઉજાસ પાથરવાના પર્વ દરમિયાન**

## સેકટરોમાં સ્ટ્રીટલાઈટના ૫૦ ટકા થાંભલા ડૂલ રહેતા અંધારપટ્ટ

**વરસાદના અંતે માર્ગો પર ઠેર ઠેર ગાબડા : યોગ્ય માટી પુરાવાના અભાવે વાહનો ગમે ત્યારે ખાડામાં ઉતરી જાય છે**

ગાંધીનગર, તા. ૨

માંઈભક્તિનો ઉજાસ પાથરવાના પર્વ દરમિયાન શહેરના સેકટરોમાં ઠેર ઠેર સ્ટ્રીટલાઈટો બંધ રહેતા અંધારપટ્ટ છવાયેલો જોવા મળે છે. સેક્ટરોમાં ૧૮ હજાર જેટલા સ્ટ્રીટલાઈટના થાંભલા છે જ્યારે આ પૈકી ૫૦ ટકા થાંભલા બંધ હાલતમાં હોવાનુ ધ્યાને આવ્યુ છે. આ વિશેષ વરસાદી સિઝનના અંતે માર્ગો પર ઠેર ઠેર ગાબડા જોવા મળી રહ્યા છે. સ્ટોર્મ વૉટર લાઈનની ખોદકામ કામગીરી બાદ પણ યોગ્ય માટીપુરાણ ન થતા નજર નાંખો ત્યાં ભયજનક સ્થિતિ જોવા મળી રહી છે. રસ્તે જતાં આમ નાગરિકોના વાહનો ગમે ત્યારે ખાડામાં ઉતરી જાય છે.

શહેરમાં છેલ્લા ઘણા સમયથી સ્ટ્રીટલાઈટ વારંવાર ડૂલ થઈ જાય છે. વરસાદી દિવસો દરમિયાન પણ લાઈટો ડૂલ રહેતા સેકટરવાસીઓએ પારાવાર હાલાકી ભોગવવી પડી હતી. હાલની સ્થિતિએ પણ સેક્ટરોમાં

● અનુસંધાન પાના - ૭ પર

## શહેરમાં સિઝનનો ૩૪.૫ ઈંચ વરસાદ

**સિઝનના સરેરાશ વરસાદથી વધુ : આજે વરસાદે સંપૂર્ણ વિરામ લેતા નગરજનોને હાશકારો : સેક્ટરોમાં વરસાદી સમસ્યા યથાવત**

ગાંધીનગર, તા. ૨


ગાંધીનગર શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૮૬૩ મી.મી. વરસાદ નોંધાયો છે. જે શહેરના સરેરાશ વરસાદ કરતા વધુ છે. શહેરમાં અંદાજીત સિઝનનો ૧૨૦ ટકા વરસાદ થઈ ગયો છે. આજે વરસાદે સંપૂર્ણ વિરામ લેતા સવારથી જ વાતાવરણમાં ઉઘાડ નિકળ્યો હતો. જો કે સેક્ટરોમાં હજુ વરસાદી સમસ્યા યથાવત છે.



ચોમાસાના પ્રારંભે આ વર્ષે વરસાદની દ્રષ્ટિએ જુન-જુલાઈ માસ કોરો રહ્યો હતો. ગરમીથી ત્રસ્ત નગરજનો વરસાદની વાટે હતા. પરંતુ અષાઢી મેઘના અંબર ગાજ્યા પણ નહી અને વરસ્યા પણ નહિ તેવી સ્થિતિ સર્જાઈ હતી. જુલાઈ અંત સુધીમાં ચોમાસુ કંગાળ રહેતા ખેડૂતોમાં પણ ચિંતાના વાદળો ઘેરાયા હતા. પરંતુ વરસાદની દ્રષ્ટિએ શ્રાવણ અને ભાદરવો ભરપૂર રહેતા જિલ્લામાં સાર્વત્રિક વરસાદથી ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. શ્રાવણના સરવરિયા બાદ ભાદરવામાં પણ મેઘરાજા ભરપુર વરસ્યા હતા. નવરાત્રી મહોત્સવના પ્રારંભે પણ મેઘરાજાએ બઘડાટી બોલાવતા ગરબા મેદાનમાં પણ વરસાદી પાણી ભરાયા હતા. છેલ્લા ઘણા સમયથી આકાશમાં વરસાદી વાદળો છવાયેલા રહેવાની સાથે રોજબરોજ વરસાદ ખાબકતો હતો. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૮૬૩ મિલીમીટર વરસાદ નોંધાયો છે. સિઝનનો ૩૪.૫ ઈંચ વરસાદ થતા ચોમેર ઠંડક પ્રસરી છે. જોકે પાછોતરા વરસાદના લીધે ખેત પાકોને ખૂબ નુકશાન થયુ છે. બીજી તરફ શહેરમાં અને ગ્રામીણ વિસ્તારમાં ખદબદતી ગંદકી અને વરસાદી સમસ્યા વચ્ચે રોગચાળાએ જોર પકડ્યુ છે. સિઝનના સરેરાશ કરતા વધુ વરસાદ થઈ ગયો છે ત્યાં આજે વરસાદી વિરામ વચ્ચે ઉઘાડ નીકળતા નગરજનોએ રાહત અનુભવી છે.

## અહો વૈચિત્ર્યમ..!! ગાંધી જયંતિએ જ "દાંડી કુટિર" બંધ રખાઈ..!!!

**ગાંધીનગરના કેટલાક યુવાનો સહિત અનેક મુલાકાતીઓ પૂ. બાપુના જીવન વિશે વધુ જાણવા દાંડીકુટિર પહોંચ્યાં પરંતુ 'રજા'ની નોટીસ જોઈ ભગ્ન હૃદયે પરત ફર્યા : શું ગાંધી જયંતિએ 'દાંડી કુટિર' ખુલ્લી ના રાખી શકાય ??**






ગાંધીનગર, તા. ૨

દેશભરમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિ ધામધૂમથી ઉજવાઈ હતી અને રાજઘાટથી માંડીને સાબરમતી આશ્રમ સુધીના પૂ. બાપુના સ્મરણ સ્થળોની નાગરિકોએ મુલાકાત લઈ ગાંધી વિચારને સમજવા અને જીવનમાં ઉતારવા પ્રયાસ કર્યો હતો. જો કે ગાંધીજીના પોતાના ગુજરાતમાં જેના પાટનગરનું નામ પણ પૂ. બાપુના નામ પરથી રખાયું છે તેવા ગાંધીનગરમાં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પ્રેરિત મહાત્મા મંદિર ખાતેની 'દાંડી કુટિર' ખાતે ગાંધી જયંતિએ જ 'રજા' પાળવામાં આવતા આશ્ચર્ય ફેલાવા પામ્યું છે. આજે શહેરના કેટલાક યુવાનો ગાંધી જયંતિ હોવાથી પૂ. બાપુના આચાર-વિચારને સમજવા દાંડી કુટિર જઈ પહોંચ્યા હતા ત્યારે તેમને ત્યાં લગાડાયેલી 'નોટીસ' જોવા મળતા જ ભારોભાર આશ્ચર્ય સાથે વિમાસણમાં મુકાયા હતા અને કરોડોના ખર્ચે ગાંધી જયંતિ ઉજવતા મશીનવત્ બની ગયેલા સરકારી તંત્ર પ્રત્યે રોષની લાગણી પેદા થવા પામી હતી. આ પ્રકારની લાગણી આજે દાંડીકુટિર જોવા પહોંચેલ અન્ય અનેક મુલાકાતીઓને પણ થવા પામી હતી.

શું ગાંધી જયંતિએ 'સાબરમતી આશ્રમ' રજા પાળે છે ? શું ગાંધી જયંતિએ પોરબંદરના કિર્તી મંદિરની મુલાકાત નથી લઈ શકાતી ? શું ગાંધી જયંતિએ ગુજરાત વિધાનસભા સંકુલમાં પૂ. બાપુની પ્રતિમા અને તસવીરને પુષ્પાંજલિ અર્પિત નથી થતી ? તો પછી ગાંધી જયંતિના દિવસે પૂ. બાપુના

● અનુસંધાન પાના - ૭ પર

## શિક્ષણમંત્રીની ખાદી ખરીદીમાં શિક્ષકોને હાજર રહેવાની સુચનાથી રોષ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર સે. ૧૬ ખાતે આવેલ ખાદીભવન ખાતે શિક્ષણમંત્રી દ્વારા ખાદી ખરીદવા જવાની કરાયેલ જાહેરાતને પગલે આજે શિક્ષકોને ખાસ ગાંધીનગર હાજર રહેવાની અપાયેલી સૂચનાઓથી શિક્ષકોમાં રોષની લાગણી ઉભી થયેલી જોવા મળી હતી.

શિક્ષકોની હાજરી પણ પાંખી હતી તેમજ શિક્ષણમંત્રીએ સૌને ખાદી ખરીદવાનો આગ્રહ કર્યો હતો. ખાદીની કિંમતમાં ભારે વધારો થયેલો હોવાથી ખરીદી બહુ થઈ ન હતી.

શિક્ષણમંત્રી ખાદી ખરીદવા ગયા ત્યારે શિક્ષણ વિભાગના અગ્ર સચિવ અંજુ શર્માથી લઈ તમામ અધિકારીઓ હાજર રહ્યા હતા. આ પ્રસંગે મેયર રીટાબેન પટેલ, પૂર્વ મેયર પ્રવિણ પટેલ, પૂર્વ ધારાસભ્ય અશોક પટેલ, સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, શહેર પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ (દાસ) સહિત આગેવાનો પણ હાજર રહ્યા હતા. જો કે ભાજપની ચૂંટાયેલી અને સંગઠન પાંખની હાજરી પાંખી હતી.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

## નવરાત પર્વ દરમિયાન રાજયના ચાર શકિતપીઠના રૂટમાં ખાસ બસ સેવા

**અંબાજી, પાવાગઢ, બહુચરાજી, ચોટીલા સહીતના રૂટ માટે ભાવિકોની સંખ્યા મુજબ ખાસ બસો દોડાવાશે**

ગાંધીનગર તા ૨

નવલી નવરાતના આ પર્વ દરમિયાન મુસાફરો માટે ખાસ એસ ટી બસ સેવાનુ આયોજન કરાયુ છે. રૂપાલના પલ્લી મેળા માટે દર વર્ષે બસો દોડાવાય છે .જયારે પલ્લી મેળા ઉપરાંત રાજયના શકિતપીઠના દર્શન માટે જતા ભાવિકો માટે પણ વિશેષ બસ સેવા મળી રહે તેવુ આયોજન કરાયુ છે. ગુજરાતના અંબાજી , પાવાગઢ,ચોટીલા અને બહુચરાજી સહીતના શકિતપીઠને અનુલક્ષી ગાંધીનગર ડેપોથી ભાવિકોને બસ મળી રહે તેવુ આયોજન કરાયુ છે.

નવલી નવરાત પર્વ દરમિયાન સેકટરોમાં આદ્યશક્તિની ભકિત વંદનામાં ભાવિકો તલ્લીન બન્યા છે. નવરાત દરમિયાન સેકટરોમાં ઠેર ઠેર ગરબાની રમઝટ જામી છે. ત્યારે માંઈભકિતના આ પર્વ દરમિયાન રાજયના ચાર શકિતપીઠો પર દર્શન અર્થે જતા ભાવિકોની સંખ્યા પણ વિશેષ હોય છે. ત્યારે ભાવિકોને યોગ્ય વાહન સેવા મળી રહે તે માટે એસ ટી નિગમ દ્વારા ખાસ બસ સેવા પુરી પાડવાનુ આયોજન કરાયુ છે. નવરાત પર્વની સમગ્ર રાજયમાં ધામધુમપુર્વક ઉજવણી થાય છે. જયારે નવરાત પુર્વે ભાદરવી પુનમના મેળા દરમિયાન પણ અંબાજી ધામ ખાતે વિશેષ બસો દોડવામાં આવે છે. આ વર્ષે પણ ભાદરવી પુનમના મેળાને અનુલક્ષી ભાવિકો માટે ખાસ બસો દોડાવામાં આવી હતી. જયારે આ બસ સેવાના અંતે એસ ટી નિગમને વધારાની આવક પણ મળી હતી.

રૂપાલના પલ્લી મેળામાં પણ એસ ટી ડેપો દ્વારા ખાસ બસ સેવાનુ આયોજન કરવામાં આવે છે. જયારે નવરાત દરમિયાન પણ ગુજરાતમાં સ્થિત અંબાજી, પાવાગઢ ,બહુચરાજી અને ચોટીલા શકિતપીઠ પર દર્શન માટે જતા ભાવિકો માટે મુસાફરોની રજુઆત અને માંગણી મુજબ વધારાની બસો દોડાવવા એસ ટી તંત્રએ તૈયારી દર્શાવી છે.

● અનુસંધાન પાના - ૭ પર

## મનપા દ્વારા ફાયર એન.ઓ.સી. હવે ઓનલાઈન આપવામાં આવશે

ગાંધીનગર, તા. ૨

ફાયર એન.ઓ.સી. હવે ઓનલાઈન આપવા માટેની મનપાના તંત્રે કવાયત પૂર્ણ કરી દીધી છે અને ટૂંકમાં આ અંગેની વિધિવત્ જાહેરાત કરવામાં આવશે.

મનપાના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિતો પ્રમાણે આ અંગેનું સોફ્ટવેર તૈયાર થઈ ગયુ છે અને તે બાબતે ટ્રાયલ હાલ ચાલી રહી છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે ફાયર એન.ઓ.સી. ઓનલાઈન માટે કયા કયા દસ્તાવેજોની જરૂર પડશે તે સહિતની વિગતો અરજી સાથે દર્શાવવામાં આવશે. આ અરજી મળ્યા પછી ફાયર ઓફિસર ક્યારે તે સ્થળની મુલાકાત લેશે તે બાબત પણ અરજદારને જણાવવામાં આવશે.

સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન કરવામાં આવશે તેમજ ફાયર એન.ઓ.સી. કેટલા દિવસમાં ઉપલબ્ધ બનશે તે પણ સમય ઈન્સ્પેકશન પછી અરજદારને જણાવી દેવામાં આવશે. હાલ આ માટે ૧૦ દિવસનો સમય મુકરર કરવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

મનપાના વહીવટીતંત્રમાં આગામી દિવસોમાં ઘણા મહત્વના નિર્ણયો લેવામાં આવશે તેવા સંકેતો આપતા આ સૂત્રોએ જણાવ્યુ છે કે પેપરલેસ મનપાની દિશામાં તંત્ર આગળ વધી રહ્યુ છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com